લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસની કવાયત આરંભાઈ

નવી દિલ્હી,તા.૭

ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે આજે કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના પુત્રી પ્રિયંકા ગાંધી વાઢેરાએ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સાથે અતિ મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠક કોંગ્રેસના ઉપ પ્રમુખ રાહુલ ગાંધીના આવાસ પર યોજાઈ હતી. રાહુલ ગાંધી માટે હવે પ્રિયંકા ગાંધીએ મોરચા સંભાળી લીધા હોવાનું જાણવા મળ્યુ છે. રાહુલ ગાંધીને પીએમ પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાને લઈને મુદ્દા પર ખાસ ચર્ચા થઈ હોવાનું જાણવા મળ્યુ છે. કોંગ્રેસની ત્રીજી વખત સત્તા અપાવવા માટે પ્રિયંકા ગાંધી પણ હવે સક્રિય થઈ ગયા છે. આ બેઠક બાદ ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. પ્રિયંકા પાર્ટી તરફથી સક્રિય ભૂમિકા અદા કરશે કે કેમ તેને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. જે નેતાઓ સાથે બેઠક યોજવામાં આવી હતી તેમને પાર્ટીના મુખ્યરણનીતિકારો તરીકે ગણવામાં આવે છે. આ બેઠકમાં રાહુલ ગાંધી ઉપસ્થિત ન હતા તેવું જાણવા મળ્યુ છે. એમ માનવામાં આવે છેકે આ વખતે રાહુલ ગાંધી માટે ચૂંટણી પ્રચારનું કામ પ્રિયંકા સંભાળશે. તેઓ અમેઠી અને રાયબરેલી સિવાય અન્ય જગ્યાએ પણ પ્રચાર કરશે. પ્રિયંકા ગાંધી વાઢેરાએ આજે યોજાયેલી બેઠકમાં હાજરી આપી હતી. આ બેઠકમાં પક્ષના અન્ય વરિષ્ઠનેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. રાહુલ ગાંધીના આવાસે આ બેઠકમાં ઉપસ્થિત રહેલાઓમાં વરિષ્ઠ નેતાઓ અહેમદ પટેલ, જનાર્દન દ્વિવેદી, મધુસુદન મિસ્ત્રી, મોહનગોપાલ, અજય માકન, બીકે હરિપ્રસાદ, શકિલ અહેમદ અને અડધા ડઝન જેટલા જનરલ સેક્રેટરીનો સમાવેશ થાય છે. રાહુલ ગાંધીના નિવાસ સ્થાન પર યોજાયેલી આ બેઠકમાં વિવિધ પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પ્રિયંકા વાઢેરા પણ આ બેઠકમાં થોડાક સમય માટે ઉપસ્થિત રહ્યા હતા જેથી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા શરૂ થઈ છે. છેલ્લા ઘણા મહિનાઓથી એવી પણ ચર્ચા રહી છે કે પ્રિયંકાને પણ કોંગ્રેસના લાભ માટે ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવશે. પ્રિયંકા હજુ સુધી તેમની માતા સોનિયા ગાંધી માટે પ્રચાર કરીને રાજનીતિમાં મર્યાદામાં જ રહી છે. ભવિષ્યમાં પ્રિયંકા રાજકારણમાં મેદાનમાં ઉતરશે કે કેમ તેને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. પક્ષના સૂત્રો આને વધારે મહત્વ આપ્યા વગર કહ્યુ છે કે આ બેઠકમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપ પ્રમુખ રાહુલ ગાંધીના પ્રવાસ કાર્યક્રમ પર ચર્ચા કરવામાં આવી હતી. રાહુલ ગાંધીને ટૂંક સમયમાં જ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાને લઈને પણ ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે.

પક્ષની આગામી વ્યૂહરચના પર પણ આ બેઠકમાં ચર્ચા થઈ હોવાનું જાણવા મળ્યુ છે. આ બેઠક એવા સમયે યોજાઈ છે જ્યારે ૧૭મી જાન્યુઆરીના દિવસે કોંગ્રેસની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ રહી છે જેમાં રાહુલને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવામાં આવી શકે છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી આક્રમકરીતે આગળ વધી રહ્યા છે ત્યારે કોંગ્રેસે તેની રણનીતિ તૈયાર કરી છે.

જાપાની કંપનીને મોટી જવાબદારી સોંપાઈ

રાહુલને ચમકાવવા ૫૦૦ કરોડનો જંગી ખર્ચ કરાશે

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીનો જોરદારરીતે સામનો કરવા કોંગ્રેસ પાર્ટીએ પણ હવે મોટો દાવ રમ્યો છે. સૂત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો કોંગ્રેસ પાર્ટી અને ઉપ પ્રમુખ રાહુલ ગાંધીની પ્રતિષ્ઠાને ચમકાવવા માટે બે પીઆર એજન્સીઓને ૫૦૦ કરોડ રૂપિયામાં

રોકવામાં આવી છે. સૂત્રોએ કહ્યુ છે કે પ્રિન્ટ, ડિજિટલ અને ઈલેક્ટ્રોનિક મિડિયામાં ડેપ્યુટી પ્રમુખ રાહુલ ગાંધીની જોરદાર ઉપસ્થિતિને લઈને કોંગ્રેસ પાર્ટીએ બે કંપનીઓને એડ અને પીઆરનું કામ સોંપ્યુ છે. એપ્રિલ-મેમાં યોજાનારી લોકસભા ચૂંટણીથી પહેલા જાપાનની એક એડ અને પીઆર કંપની કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધી માટે જોરદાર પ્રચાર કરનાર છે. આ કંપનીનું નામ દેન્તજુ ઈન્ડિયા છે. જે આક્રમક વ્યૂહરચના અપનાવશે. આ ઝૂંબેશના ભાગરૂપે આક્રમક નીતિ તૈયાર કરાશે. આમાં રાહુલ ગાંધીને એક એવા યુવા લીડર તરીકે રજુ કરવામાં આવશે જે સામાન્ય લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવાની ઈચ્છા ધરાવે છે. એટલુ જ નહીં સોશિયલ મિડિયા પર લાખો ચાહકો જોડી ચુકેલા નરેન્દ્ર મોદીને પણ કોંગ્રેસ પાર્ટી પછડાટ આપવાની તૈયારીમાં છે. પીઆરપ કંપની બર્સન માર્શરલને સોશિયલ મિડિયા પર રાહુલ ગાંધી માટે પ્રચારની જવાબદારી સોંપવામાં આવી છે. આ કંપની રાહુલ ગાંધીના ટ્વિટર અને ફેસબુક પેજ સંભાળશે. રાહુલની રેલીઓના ફોટાઓ અને સ્ટેટસ મેસેજને અપલોડ કરશે જેથી લોકપ્રિય ચર્ચાઓને મહત્વ આપી શકાય. ઉપરાંત દરરોજની પ્રવૃત્તિ માટે ટ્વિટ કરવામાં આવશે. જાપાની કંપનીની પસંદગી રાહુલ ગાંધી દ્વારા જ કરાઈ છે. બંને કંપનીઓને આ કામ માટે ૫૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. રાહુલના પ્રચારના ડિઝાઈનમાં પણ ધ્યાન આપવામાં આવશે. જીડીપી ગ્રોથ, મોંઘવારી, નોકરી જેવા મુદ્દાઓને પણ ઉઠાવવામાં આવશે.

પટના સાહીબ ગુરુદ્વારામાં તલવારો ઉછળતા ચકચાર

નવી દિલ્હી,તા. ૭

બિહારના પાટનગર પટના શહેરના તખ્ત હરમિન્દર શ્રી પટના સાહિબ ગુરુદ્વારામાં તલવારો ઉછળતા ભારે તંગદિલી ફેલાઈ ગઈ હતી. તલવાર બાજી અને મારામારીમાં અનેક લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યુ છે. આ બનાવોમાં ઘાયલ થયેલાઓ પૈકી કેટલાકને ગંભીર ઈજા થઈ છે. બનાવમાં ગ્રંથી સહિત જે લોકો ઘાયલ થયા છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવ બાદ પટના શહેરમાં વિસ્ફોટક સ્થિતિ ફેલાઈ ગઈ હતી. પટના સાહિબાની તંગદિલીપૂર્ણ સ્થિતિને ધ્યાનમાં લઈને સ્થળ પર પહોંચેલા અધિકારીઓએ ચકાસણી હાથ ધરી છે. વિવાદની પાછળ મુખ્યગ્રંથીની નિમણૂંકને જવાબદાર ગણવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે શિખોના ૧૦મા ગુરુ ગોવિંદસિંહની ૩૪૮મી જયંતિને લઈને પહેલાથી જ તૈયારી કરવામાં આવી હતી. આજે ગોવિંદસિંહની ૩૪૮મી જયતિની ઉજવણી કરવામાં આવી હતી. આ જયંતિને લઈને બિહાર સરકાર દ્વારા રજાની જાહેરાત કરવામાં આવી હતી. શિખ સમુદાયના લોકો ઉજવણીને લઈને તૈયારીમાં વ્યસ્ત હતા. ગ્રંથીની નિમણૂંકને લઈને બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો અને સામસામે તલવારો ઉછળી હતી.

મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે ૧૬૦૦ કરોડની સ્કીમની કોંગ્રેસની તૈયારી

નવી દિલ્હી,તા.૭

આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને કોંગ્રેસે પણ પોતાની આક્રમક વ્યૂહરચના તૈયાર કરવાની પણ શરૂઆત કરી દીધી છે. કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકાર પોતાના પરંપરાગત વોટબેંકને જાળવી રાખવા માટે ઉત્સુક છે. આ દિશામાં કવાયત શરૂ થઈ ચૂકી છે. આ હેઠળ સરકાર શૈક્ષણિક ક્ષેત્રમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે ૧૬૦૦ કરોડ રૂપિયાની એક ખાસ સ્કીમ શરૂ કરવા જઈ રહી છે. માનવ સંશાધન વિકાસ પ્રધાન એમ એમ પલ્લમ રાજુએ માઈનોરિટી એજ્યુકેશનને લઈને બનાવવામાં આવેલી નેશનલ મોનીટરીંગ કમીટીની વાર્ષિક બેઠકમાં આ મુજબની વાત કરી હતી. દેશના જાણીતા શિક્ષણ શાસ્ત્રી મોલાના આઝાદના નામ ઉપર આ સ્કીમ એડલ્ટ એજ્યુકેશનના ક્ષેત્રમાં લાવવામાં આવી રહી છે. જે હેઠળ ૧૫ વર્ષ અથવા તો તેનાથી ઉપરની વયના પુરુષ અને મહિલા શિક્ષણ મેળવી શકે છે. પલ્લમ રાજુએ કહ્યું છે કે આ યોજના મારફતે આવનાર

દિવસોમાં ૧૫ વર્ષથી ઉપરની વયના આશરે એક કરોડથી વધુ મુસ્લિમ લોકોને શિક્ષણ આપવાનો હેતુ છે. કેન્દ્ર સરકારે ૧૨મી યોજના હેઠળ આ યોજનામાં ૬૦૦ કરોડ રૂપિયા મૂક્યા છે. સરકાર જુદા જુદા ક્ષેત્રોમાં લઘુમતીઓને આપવામાં આવી રહેલી સ્કોલરશીપને હવે એસસી વિદ્યાર્થીઓ જેટલી કરવા જઈ રહી છે. મંત્રાલયની સ્થાઈ સમીતિએ સૂચન કર્યું છે કે માઈનોરિટી વિદ્યાર્થીઓની સ્કોલરશીપ એસટી અને એસસી વિદ્યાર્થીઓની સરખામણીમાં ઓછી છે જેથી તેને એક સમાન કરવામાં આવે તે જરૂરી છે. આ જ આધાર ઉપર મંત્રાલયે એક દરખાસ્ત રજૂ કરી છે જે હાલમાં લઘુમતી બાબતોના મંત્રાલય હેઠળ આંતરપ્રધાન સ્તરના ગ્રૂપ પાસે વિચારણા હેઠળ છે. દરખાસ્ત મુજબ આના માટે સરકાર રાજ્યોને નાણાં આપશે જેથી કોઈપણ જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને શિક્ષણથી વંચિત રહેવું ન પડે. ગરીબ બાળકીઓને કુશળ બનાવવા માટે પણ સરકાર સ્કીમ લાવવા જઈ રહી છે. દિલ્હી અને બિહારમાં ચાલી રહેલી આ સ્કીમ હવે સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવનાર છે. આ રાજ્યોમાં નેશનલ સ્કૂલ ઓફ ઓપન લર્નિંગ હેઠળ એન્જીયોની મદદથી સ્કીમ ચલાવવામાં આવી હતી. આ સ્કીમ હેઠળ ગરીબ મુસ્લિમ વિદ્યાર્થીનીઓને છ મહિનાના પ્રમાણપત્ર કોર્ષ કરાવવામાં આવશે. સાથે સાથે ૧૦ અને ૧૨ની પરીક્ષા આપવાનો વિકલ્પ રહેશે. સ્કૂલ અભ્યાસ છોડી ચૂકેલી ૯.૨૦ લાખ બાળકીઓને આ સ્કીલ કાર્યક્રમ હેઠળ આવરી લેવાશે.

મહિને ૪૦૦૦ કરોડનો વધુ ખર્ચ થશે

એટીએમ ઉપર વધારે સુરક્ષા ગોઠવવાનો તખ્તો અંતે તૈયાર

મુંબઈ,તા.૭

ઈન્ડિયન બેંક એસોશીએશન (આઈબીએ) દ્વારા જણાવવામાં આવ્યું છે કે ફ્રી એટીએમની સુવિધા એક મહિનામાં પાંચ વખતને જાળવી રાખવાની રજૂઆત કરવામાં આવી ચૂકી છે જેથી આરબીઆઈ આઈબીએની આ દરખાસ્તને સ્વીકાર કરે તેવી શક્યતા છે. માસિક મફત ટ્રાન્જેક્શન માટેની સંખ્યાના સંદર્ભમાં આરબીઆઈ સમક્ષ રજૂઆત આઈબીએ તરફથી કરવામાં આવી ચૂકી છે. એટીએમ ઉપર સુરક્ષા પાસાંઓને લઈને પણ ચર્ચાઓ શરૂ થઈ ચૂકી છે. સુરક્ષાઓને ધ્યાનમાં લઈને હવે એટીએમ ઉપર સુરક્ષા જવાનો તૈનાત કરાશે જેથી બેંકો ઉપર એટીએમ ખાતે વધારાની સુરક્ષા જરૂરીયાતોને લીધે ૪૦૦૦ કરોડનો મહિને ખર્ચ થશે. બેંગ્લોરમાં બનાવ બન્યા બાદ એટીએમ ખાતે વધારાની સુરક્ષા રાખવામાં આવશે. દરેક એટીએમ પર સુરક્ષાના ભાગરૂપે મહિને ૪૦ હજાર વધારાની જરૂર પડશે. એક લાખથી વધુ એટીએમ રહેલા છે. આનો મતલબ એ થયો કે મહિને ઈન્ડસ્ટ્રીને ખર્ચ ૪૦૦૦ કરોડની આસપાસ રહેશે. આઈબીએના મુખ્ય કારોબારીનું કહેવું છે કે એટીએમ ખાતે સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે. એટીએમમાંથી પૈસા ઉપાડતી વેળા હવે ગણતરી કરવામાં આવશે. આઈબીએ દ્વારા તમામ ટ્રાન્જેક્શનના સંદર્ભમાં પણ રજૂઆત કરી છે. એક મહિનામાં પાંચ વખત ફ્રી એટીએમની રજૂઆત કરવામાં આવી છે. ત્યારબાદ વધુ ઉપયોગ ઉપર ફી લેવાની પણ વાત કરવામાં આવી છે. હાલમાં બચત ખાતા ધારકો અન્ય બેંકના એટીએમમાં દર મહિને પાંચ વખત મફત ટ્રાન્જેક્શન કરી શકે છે. જ્યારે પોતાની બેંકના એટીએમમાં કોઈપણ મર્યાદા નથી. આઈબીએની મેનેજીંગ કમીટીએ તમામ પાસાંઓ ઉપર હવે વિચારણા કરી છે. ૧૫ જાન્યુઆરી સુધી અંતિમ નિર્ણય લેવાશે.

આધુનિક પૃથ્વી-૨ મિસાઈલનું ફરી વાર સફળ પરિક્ષણ કરાયું

બેલ્લાસોર,તા.૭

ભારતે આજે સ્વદેશી રીતે વિકસીત કરવામાં આવેતી અતિ આધુનિક પૃથ્વી-૨ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલ ૫૦૦થી ૧૦૦૦ કિલોગ્રામ વોરહેડ લઈને ત્રાટકવામાં સક્ષમ છે. આ મિસાઈલની રેન્જ ૩૫૦ કિલોમીટરની છે. ઓરિસ્સાના બેલ્લાસોર નજીક ચાંદીપુર ખાતે ટેસ્ટ રેન્જથી આનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. છેલ્લે ૩જી ડિસેમ્બરના દિવસે આ મિસાઈલનું આ જ જગ્યાએથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સૈના દ્વારા યુઝર ટ્રાયલના ભાગરૂપે પરીક્ષણનો દોર ચાલી રહ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વરથી આશરે ૨૩૦ કિલોમીટરના અંતરે સ્થિત બેલાસોર જિલ્લામાં ચાંદીપુર દરિયાકાંઠે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જથી આ મિસાઈલનું સવારે૯.૪૮ વાગે સફળ રીતે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ભારતીય શસ્ત્રદળો દ્વારા નિયમિત ટ્રેનીંગ કવાયતના ભાગરૂપે પૃથ્વી-૨ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પૃથ્વી મિસાઈલની સિરીઝ ડીઆરડીઓ દ્વારા હાથ ધરવામાં આવી છે. ભારત સરકારે ૧૯૮૩માં ઈન્ટેગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામની શરૂઆત કરી હતી. આ કાર્યક્રમ હેઠળ તૈયાર થયેલી

પ્રથમ મિસાઈલ પૃથ્વી છે. પૃથ્વી મિસાઈલ જુદા જુદા તબક્કામાં વિકસીત રવામાં આવી છે. પૃથ્વી-૨ મિસાઈલનું વજન ૪૬૦૦ કિલોગ્રામની આસપાસ છે. જ્યારે લંબાઈ ૮.૫૬ મિટરની છે. આ મિસાઈલને ખૂબ અતિ આધુનિક ગણવામાં આવે છે. પૃથ્વી-૨ મિસાઈલ એસએફસીમાં ૨૦૦૩માં સામેલ કરવામાં આવી હતી. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૧૦ના દિવસે મિસાઈલનું પરીક્ષણ નિષ્ફળ રહ્યા બાદ વધુ તૈયારી હાથ ધરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ આ મિસાઈલની રેન્જ હવે ૩૫૦ કિમી સુધી કરવામાં આવી છે. જ્યારે મિસાઈલની પેલોડની ક્ષમતા ૫૦૦તી ૧૦૦૦ કિલોગ્રામની છે. પૃથ્વી-૨ મિસાઈલનું ૨૫મી ઓક્ટોબર ૨૦૧૨ અને ૪થી ઓક્ટોબર ૨૦૧૨ના દિવસે સફળ પરીક્ષણ કરવામાં આવી હતી. પૃથ્વી-૨ મિસાઈલનું ૭મી ઓક્ટોબર ૨૦૧૩ના દિવસે ફરી એકવાર પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

સમાચાર ઝલક

- ♥ ભારતની વસ્તીના ૨૪ ટકા કિશોરો માટે કિશોર આરોગ્ય યોજના અમલી બની.
- ♥ શીખ ધર્મના સ્થાપક ગુરુ ગોવિંદસિંહનો આજે ૩૪૭મો જન્મદિવસ ઉજવાયો.
- ♥ મધ્યપ્રદેશમાં ચુનાના પથ્થરની ખાણ તોડતા ૯નાં મોત.
- ♥ ઓરિસ્સા બંધના કોંગ્રેસના એલાનને મિશ્ર પ્રતિસાદ મળ્યો.
- ♥ બનાસકાંઠામાં મધ્યાહ્ન ભોજનમાં જીવાતવાળા અનાજ અપાતાં લોકોમાં રોષની લાગણી.
- ♥ ખેરાલુ પોલીસ સ્ટેશનમાં ૩ માસથી પીવાના પાણી માટેની પરેશાની ભોગવતો સ્ટાફ.
- ♥ જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ સાથે અથડામણમાં જવાન શહીદ.
- ♥ અમેરિકામાં રેકોર્ડ તોડ ઠંડીથી રસ્તામાં ટ્રાફિક જામ, ફ્લાઈટો રદ
- ♥ ઓરિસ્સામાં પૃથ્વી-૨નું સફળ પરીક્ષણ થયું.
- ♥ ગુજરાતના ભામાશા શ્રી દિપચંદ ગાર્ડીનું ૧૦૧ વર્ષે નિધન.
- ♥ ભાવનગરમાં ખોડિયાર માના મંદિરમાંથી ૧૫ લાખના આભૂષણોની ચોરી.
- ♥ આગામી લોકસભાની ચૂંટણી અંગે કોંગ્રેસમાં ગંભીર મનોમંથન.
- ♥ સ્ટીંગ ઓપરેશનમાં દિલ્હીમાં જલસેવાના કર્મચારીઓ સપડાયા.
- ♥ સુરતની ઉધના પોલીસ સ્ટેશનમાંથી મહિલા કેદી ફરાર.
- ♥ રાષ્ટ્રીય યુવા નીતિ ટુંક સમયમાં લાવવામાં આવશે. ભારતીય પ્રવાસન દિવસ નિમિત્તે જાહેરાત.
- ♥ જૈન ધર્મને લઘુમતીમાં ગણવા માટે સરકારમાં ગંભીર વિચારણા-વડાપ્રધાન સાથે ચર્ચા વિમર્શ
- ♥ પાનમ નહેરમાં ગાબડું પડતાં ખેતીને ભારે નુકશાન.
- ♥ દેશભરમાં ઠંડીના પ્રકોપથી વીજળીમાં વપરાશ વધ્યો.

નવી હોન્ડા સીટી કાર ભારતમાં લોંચ કરાઈ

નવી દિલ્હી,તા.૭

જાપાનની મહાકાય કાર કંપની હોન્ડાએ આજે ભારતમાં તેની નવી સીટી સેડાન ગાડી લોન્ચ કરી હતી. નવી હોન્ડાસીટીની કિંમત ૭.૪૨ લાખ રૂપિયા રાખવામાં આવી છે. ડિઝલ કારની કિંમત ૭.૪૨ લાખથી લઈને ૧૧.૧ લાખ વચ્ચે રહેશે. દેશમાં પોતાની સ્થિતિને વધુ મજબુત કરવાના હેતુસર આ કાર લોન્ચ કરવામાં આવી છે. કંપનીએ નવેમ્બર મહિનામાં આ કારની ત્રીજી જનરેશ મોડલ બંધ કરી દીધી હતી. સેડાનની ચોથી જનરેશનની કાર વૈશ્વિક સ્તરે ૨ પમી નવેમ્બરના દિવસે લોન્ચ કરવામાં આવી હતી. નવી સીટીની ડિઝલ કારની કિંમત ૮.૬૨ લાખથી ૧૧.૧ લાખ રૂપિયા રહેશે જ્યારે પેટ્રોલ કારની કિંમત ૭.૪૨ લાખથી ૧૦.૯૮ લાખની વચ્ચે રહેશે. જાપાની કાર બનાવતી કંપની હોન્ડાએ લોકોની ડિઝલ અને પેટ્રોલ બંને ઉપર

પસંદગી પર ધ્યાન આપ્યુ છે. હોન્ડાએ કહ્યુ છેકે કેટલાક લોકો ડિઝલની અને કેટલાક લોકો પેટ્રોલની કાર પસંદ કરે છે જેથી હવે ગ્રાહકો પાસે વધારે વિકલ્પ રહેશે. હોન્ડા કાર ઈન્ડિયા લિમિટેડના પ્રમુખ અને સીઈઓ હિરોનોરીએ કહ્યુ છે કે આ મોડલને મોટી સફળતા મળશે તેમ અમે માની રહ્યા છીએ. આમા ઘણી નવી સુવિધાઓ ઉમેરવામાં આવી છે. આ નવી કાર જાપાનના ટોચીગીના આરએન્ડડી સેન્ટરમાં વિકસિત કરવામાં આવી છે. કંપનીએ ફર્સ્ટ જનરેશનની હોન્ડા કાર ૪.૪૩ લાખ યુનિટ લોન્ચ કર્યા છે.

ઉત્તરપ્રદેશમાં નક્સલવાદી પણ સક્રીય થયા : અહેવાલ

નવી દિલ્હી,તા. ૭

પૂર્વાંચલની સાથે સાથે નક્સલવાદીઓની ગતિવિધિ હવે ઉત્તરપ્રદેશમાં પણ જોવા મળી રહી છે જેના કારણે ઉત્તરપ્રદેશ સરકારની તથા કેન્દ્ર સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં નક્સલવાદીઓ નેટવર્ક ફેલાવી રહ્યા છે. એસટીએફએ બિહારના કુખ્યાત નક્સલીઓના ઝોનલ કમાન્ડર ચંદન ઉર્ફે ચનારીક દાસની મેરઠમાંથી ધરપકડ કરી. ચંદન સીઆરપીએફના ડેપ્યુટી કમાન્ડર સહિત આઠ લોકોની હત્યાના મામલામાં વોન્ટેડ હતો. તેની ધરપકડ કરાયા બાદ પોલીસને ઉત્તરપ્રદેશમાં વધુ મોટી સફળતા હાથ લાગી શકે છે. તે મેરઠ, દિલ્હી, પંજાબ અને તમિળનાડુમાં ભાગતો ફરી રહ્યો હતો પરંતુ મેરઠમાં બાતમી મળ્યા બાદ તેને પકડી પાડવામાં સફળતા હાથ લાગી હતી. બિહારથી હથિયારોનો જથ્થો લાવવા માટે તે મુજફ્ફરનગરથી મેરઠ જઈ રહ્યો હતો ત્યારે તેને પકડી પાડવામાં આવ્યો હતો. એસટીએફની સાથે આઈબી અને અન્ય એજન્સીઓ દ્વારા પણ તેની પુછપરછ કરવામાં આવી રહી છે.

૧૯મીથી હડતાળ પર જવા એલપીજી ડિલરોની ધમકી

નવી દિલ્હી,તા.૭

રાંધણગેસના ડિસ્ટ્રીબ્યુટરોએ ૧૯મી જાન્યુઆરીથી અચોક્કસમુદતની હડતાળ ઉપર જવાની ધમકી આપી દીધી છે અને ૧૯મી જાન્યુઆરીથી સિલિન્ડરો ઉપલબ્ધ નહીં કરાવવાની ધમકી આપી છે. એલપીજી ડિલરોએ માર્કેટીંગ સાથે સંબંધિત માર્ગદર્શિકાઓને હળવી કરવાની રજૂઆત કરી છે. ઓઈલ કંપનીના અધિકારીઓનું કહેવું છે કે તેમનો હેતુ ગ્રાહકોની સેવાને વધુ વ્યવસ્થિત બનાવવાનો છે. સાથે સાથે સબસીડીવાળા સિલિન્ડરોની બ્લેક માર્કેટીંગની પ્રક્રિયાને રોકવા માટેનો છે. બીજી બાજુ ફેડરેશન ઓફ એલપીજી ડિસ્ટીબ્યુટર્સ ઓફ ઈન્ડિયાના છત્ર હેઠળ ડિસ્ટીબ્યુટરોએ આક્રમક વલણ અપનાવ્યું છે. માર્ગદર્શિકામાં ડિલરશીપ રદ કરવાના મામલે પણ કેટલુંક આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. ફેડરેશનના જનરલ સેક્રેટરી પવન સોનીએ માહિતી આપતા કહ્યું છે કે તમામ ૧૨૬૦૦ જેટલા ડિસ્ટ્રીબ્યુટરો ૧૫મી જાન્યુઆરીથી નોન કોઓપરેશન મોડમાં જતા

રહેશે. તેમની માંગણી ઉપર આ લોકો દબાણ લાવશે. આ તારીખથી અમે નોન ડોમેસ્ટીક સિલિન્ડરોના વેચાણને રોકી દઈશું. સાથે સાથે સ્થાનિક સિલિન્ડરો પણ આપશું નહીં પરંતુ રાંધણગેસના વપરાશકારો પોતે આવી શકશે અને ગોડાઉનમાંથી ગેસસિલિન્ડર લઈ શકશે. જો સરકાર હજુ પણ આગળ વધશે નહીં તો ૧૯મી જાન્યુઆરીથી સંપૂર્ણપણે હડતાળ પાડવામાં આવશે. ભારતમાં આશરે ૧૫ કરોડ રાંધણગેસના વપરાશકારો છે. એક દિવસ માટે પણ ડિલિવરી ખોરવાઈ જવાની સ્થિતિમાં ભારે ભરાવો થઈ શકે છે. સપ્તાહ સુધી ડિલીવરીમાં વિલંબની સ્થિતિમાં ક્ફોડી હાલત થઈ શકે છે. ડિલરોનો આક્ષેપ છે કે ઘણી વખત કંપનીઓ ઓછા વજનવાળા અથવા તો એક્સપ્રાયર્ડ સિલિન્ડરો મોકલે છે. ડિલરકોએ આક્ષેપ કર્યો છે કે ગ્રામીણ વિસ્તારોમાં સુપર વાઈઝરો ભારે બેદરકારી દાખવે છે અને ડિલરોને વધુ કોમર્શિયલ સિલિન્ડરો વેચવા માટે દબાણ કરે છે. આવા વિસ્તારોમાં તેમના માટે કોઈ માંગ નહીં હોવાની સ્થિતિમાં પણ દબાણ લાવવામાં આવે છે. બીજી બાજુ ફ્યુઅલ રિટેલર્સના વરિષ્ઠ કારોબારીઓએ આક્ષેપોને રદિયો આપ્યો છે, કહ્યું છે કે કેટલાક હડતાળનો ઈરાદો ધરાવે છે.